

સત્યમેવ જયતે

દાખલ તારીખ : ૦૨/૦૧/૨૦૧૯
નોંધ્યા તારીખ : ૦૨/૦૧/૨૦૧૯
નિર્ણય તારીખ : ૦૧/૦૪/૨૦૧૯
સમયગાળો : વર્ષ, માસ, દિવસ
૦૦ –૦૧ – ૨૮

**મે.ચોથા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ–ઉના,**
**જીલ્લો–ગિરસોમનાથ.**

**<u>સેશન્સ કેસ નંબર–૦૧/૨૦૧૯</u>**
**આંક :–**

**શ્રી સરકાર,** .......... **ફરિયાદી**

**–:: વિરુધ્ધ ::–**

**જેન્તીભાઈ ખોડાભાઈ ચૌહાણ,**
ઉ.વ.૩૦, ધંધો–મજુરી, જાતે–દલીત,
રહે.ધોકડવા તા.–ઉના, જીલ્લો–ગિરસોમનાથ, .......... **આરોપી**

**ગુન્હોઃ– ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩,૩૨૪,૪૫૨,૫૦૪ તથા જી.પી.એ.૧૩૫મુજબ.**

==========================================

**ફરિયાદપક્ષ તરફે :– વિધ્વાન એડી.પી.પી.શ્રી એમ. કે. ગોહેલ**
**આરોપીપક્ષ તરફે :– વિધ્વાન એડવોકેટશ્રી એ. એન. સોલા,**

==========================================

**–:: <u>ચુકાદો</u> ::–**

**(૦૧).** આ કામના આરોપી સામે ગીરગઢડાપોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર ફર્સ્ટ–૫૪/૨૦૧૬ થી ભારતીય દંડ સંહિતા કલમ–૩૨૩,૩૨૪,૫૦૪,૪૫૨, તથા જી.પી.એ.૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલ છે.

**(૦૨).** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે," ફરીયાદી ગભરુભાઈ નારણભાઈ બાંભણીયા,રહે.ધોકડવા,તા.ગીરગડઢાવાળાએ રુબરુમાં પુછવાથી લખાવેલ ફરીયાદ હકીકત એવી છે કે," ફરીયાદીને અગાઉ પગમાં વાગેલ હોવાથી લાકડીના

ટેકે ચાલે છે અને કાંઈ કામ ધંધો કરી શકતા નથી. તેમને સંતાનમાં બે દિકરા તથા બે દિકરીઓ છે,જેમા મોટો જયેશ તેનાથી નાની વનિતા,તેનાથી નાની હંસા અને સૌથી નાનો જયસુખ છે. તેમની પત્ની મરણ ગયેલ છે.

તા.૧૧/૯/૨૦૧૬ ના રોજ બપોરના એકાદ વાગ્યે તે તેમના ઘેર ઓશરીમાં ખાટલા ઉપર બેઠેલ હતા, અને ત્યારે જેન્તી ખોડા તથા દિલીપ રજા અને કાન્તી નાથા આ ત્રણેય આવેલા અને આ જેન્તી ખોડા પાસે તેમના પૈસા બાકી હોય તેની ઉઘરાણી કરતા, આ જેન્તી ખોડા ઉશ્કેરાઈ જઈ તેમને ગાળો આપવા લાગેલ અને કહેલ કે, તારા પૈસા આપવા નથી તેમ કહી ફરીયાદીના ખાટલા પાસે પડેલ બડીયો(લાકડી) લઈ તેમને જમણા પગે મારેલ, જેથી તેની સાથે આવેલા દિલીપ તથા કાન્તી આ જેન્તીને સમજાવીને લઈ જવા પ્રયત્ન કરેલ પરંતુ જેન્તી સમજેલ નહીં,અને ગાળો બોલતો હોય, જેથી ફરીયાદીએ પોતાના પુત્ર જયેશને ફોન કરતા તે ઘરે આવતા તેની સાથે પણ આ જેન્તી ખોડા ગાળો બોલવા લાગેલ અને ફળીયામાં પડેલ પાવડો લઈ જયેશને મારવા જતા , તે ઓશરીમાંથી નીચે ઉતરી વચ્ચે પડતા તેમને નાકના ભાગે પાવડો વાગેલ અને તેને નાકમાંથી લોહી નીકળવા લાગેલ. આ વખતે ફરીયાદીની દિકરી હંસા વચ્ચે પડતા તેને પણ ફરીયાદી પાસેનો બડીયો આંચકી લઈ પગમાં એક ઘા મારેલ. આ જેન્તી ખોડાને તેની સાથે આવેલા દિલીપ તથા કાંતિ સમજાવવા છતા તે સમજેલ ન હોવાથી તેઓ જતા રહેલા.ત્યારબાદ ફરીયાદીના કુંટુંબીબહેન શાંતુબેન વા/ઓ જોધુભાઈ આવી જતા આ જેન્તી ખોડાને સમજાવતા તે જતો રહેલ. ત્યારપછી મારા દિકરા જયેશે ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ આવતા તેમાં તે તથા તેમની દિકરી હંસા તથા જયેશ સાથે ઉના સરકારી દવાખાને લઈ ગયેલા ત્યારબાદ વધુ સારવારમાં ડો. વઘાસીયાની હોસ્પીટલમાં દાખલ થયેલા અને નાક ઉપર ટાંકા આવેલા હોય અને તેની સારવાર લીધેલ હોય તે મતલબની ફરીયાદ આરોપી વિરુધ્ધ નોંધાવેલ છે.''

**(૦૨.૩)** સદર ફરીયાદ અનુસંધાને તપાસ કરનાર અમલદારે તપાસ દરમ્યાન ઈજાપામનાર ફરીયાદીનું નિવેદન નોંધેલ અને જેમાં આરોપી સામે ભારતીય દંડ સંહિતા કલમ–૩૨૩,૩૨૪,૫૦૪,૪૫૨ તથા જી.પી.એ.૧૩૫ મુબજનો ગુન્હો બનતો હોય તે મુજબનું ચાર્જશીટ આરોપી વિરુધ્ધ દાખલ કરેલ.

**(૦૩).** પ્રસ્તુત ગુન્હાનું ચાર્જશીટ પ્રથમ વિદવાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફ. ક) ગીરગઢડાની કોર્ટમાં દાખલ થતાં ફોજદારી કેસ નંબર ૧૩૧૪/૨૦૧૭ થી સદર ચાર્જશીટ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધેલ અને આરોપી સામેનો ગુન્હો જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક.

શ્રી ની કોર્ટ સમક્ષનો હોય,પરંતુ સદરહું કેસના બનાવમાંથી નોંધાયેલ કેસ એટ્રોસીટી એકટ અન્વયે (એટ્રોસીટી એકટ અન્વયેનો સ્પે.કે.નં.૯/૧૭) સ્પેશ્યલ કોર્ટની હકુમતનો હોવાથી તે ધોરણસર કમીટ થયેલ હોય અને તે અત્રેની અદાલતમાં પેન્ડીંગ હોય, આથી હાલનો કેસ સદરહુ કેસનો ક્રોસ કેસ હોય જેથી બંને કેસોની એકીસાથે ન્યાયીક કાર્યવાહી ચલાવવા માટે, ક્રિમિનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૦૯ અન્વયે સદર કેસ સ્પેશ્યલ કોર્ટ/ એડીશનલ સેશન્સ કોર્ટ ઉનામાં કમીટ કરવામાં આવેલ ત્યાં સેશન્સ કેસ નંબર–૦૧ /૨૦૧૯ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

**(૦૪).** પ્રસ્તૃત કેસ આરોપી સામે કમીટ થઈ આવતા તેઓની ધોરણસર સમન્સ ઈસ્યુ કરવામાં આવતા તેઓ પોતાના વિ. વ. શ્રી મારફતે હાજર થતા ક્રિમિનલ પ્રોસીજર કોડ,૧૯૭૩ ની કલમ–૨૦૭ અન્વયે કેસ પેપર્સની નકલો મળેલ છે તેની ખરાઈ કરવામાં આવેલી છે, અને મારા પુરોગામી વિદવાન ન્યાયાધિશ સાહેબ ધ્વારા તા. ૦૩/૦૧/૨૦૧૯ નારોજ આંક–૦૩ થી આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતા કલમ–૩૨૩,૩૨૪,૫૦૪,૪૫૨, તથા જી.પી.એ.૧૩૫ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને આંક–૦૪ થી સદર તહોમતનામાં અનુસંધાને તેઓની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરતા તેઓની સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૦૫).** ફરીયાદપક્ષ પોતાનો કેસને સાબિત કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી આધાર પુરાવાઓ રજુ કરેલ છે.

## મૌખિક પુરાવો

| ક્રમ | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી ગભરુભાઈ નારણભાઈ બાંભણીયા | ૦૬ |
| ૨. | સાહેદ જયેશભાઈ ગભરુભાઈ બાંભણીયા | ૦૮ |
| ૩. | સાહેદ હંસાબેન ગભરુભાઈ બાંભણીયા | ૦૯ |
| ૪. | સાહેદ કાંતિભાઈ નાથાભાઈ ચૌહાણ | ૧૦ |
| ૫. | સાહેદ દિલીપભાઈ રાજાભાઈ ચૌહાણ | ૧૧ |
| ૬. | સાહેદ શાન્તુબેન જોધુભાઈ પરમાર | ૧૨ |
| ૭. | સાહેદ અજીતખા અહમદખા જલવાણી | ૧૩ |
| ૮. | સાહેદ મેપાભાઈ ડાયાભાઈ વાજા | ૧૫ |
| ૯. | ત.ક.અ. કીતિકુમાર મુળશંકર જોષી,નિવૃત નાયબ પોલીસઅધિક્ષક | ૧૭ |

| | | |
|---|---|---|
| ૧૦ | સાહેદ ડો.રસિકભાઈ મગનભાઈ વઘાસિયા,મેડીકલ ઓફિસર | ૧૯ |
| ૧૧ | પંચસાહેદ જમીયતખાં ઈજજતખાં બ્લોચ, | ૨૩ |

## દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | અસલ ફરીયાદ | ૦૭ |
| ૨. | એફ.આઈ.આર. | ૧૪ |
| ૩. | હથિયારબંધીનું જાહેરનામુ | ૧૬ |
| ૪. | મુદામાલ રીકવરી પંચનામું | ૧૮ |
| ૫. | મેડીકલ સર્ટીફિકેટ | ૨૦ |

**(૦૬)** ફરીયાદપક્ષે આંક–૨૪ થી તા.૨૭/૦૨/૨૦૦૯ ના રોજ પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં ક્રિમિનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૩૧૩ અન્વયે હાલના આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે અને જેમાં મુખ્યત્વે આરોપીએ તેમની સામેના આક્ષેપો મુજબ કોઈ ગુનો કર્યો હોવાનો ઈન્કાર કરેલ છે. આરોપીએ પોતાના બચાવમાં કોઈ સાક્ષી તપાસેલ નથી કે, અન્ય કોઈ પુરાવો આપેલ નથી અને તેમને હેરાન કરવા આ ખોટી ફરીયાદ કરેલ હોય તેઓ નિર્દોષ હોય, નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

**(૦૭).** પ્રસ્તૃત કેસમાં ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.૧ :–** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપી એ તા.૧૧/૯/૧૬ ના કલાક–૧૨–૦૦ થી કલમ–૧૩–૦૦ વાગ્યા ના અરસામાં ફરીયાદી પોતાના ઘરની ઓશરીમાં બેઠા હતા ત્યારે આરોપી ત્યાં આવેલા ત્યારે તેમની પાસે બાકી પૈસાની ફરીયાદી એ ઉઘરાણી કરતા આરોપીએ ઉશ્કેરાઈ ગયેલા અને પાવડા અને લાકડી ધારણ કરી તેના વડે ફરીયાદી–સાહેદને ઈજા પહોંચાડી ભુંડી ગાળો કાઢી, આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩,૩૨૪, ૫૦૪,૫૦૬(૨) મુજબ તેમજ લાકડી–પાવડો મારક હથિયાર ધારણ કરી, બનાવ સમયે અમલમા રહેલા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરીને જી.પી. એ.૧૩૫ તેમજ મુજબનો ગુનો આચરેલ છે ?

**મુદ્દા નં.૨ :–** શું હુકમ ?

**(૦૮).** ઉપરોકત મુદ્દાઓના આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

મુદા નં.૧ :– નકારમાં,

મુદા નં.૨ :– આખરી હુકમ મુજબ.

**–// કા ર ણો //–**

ઉપરોકત તારણો પરત્વેના કારણો નીચે મુજબ છે. સદર કામે ઉપરોકત મુદા નંબર–૧ અને ૨ નાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય સરળતા ખાતર અને પુરાવાનું પુનરાવર્તન અટકાવવાના આશયથી બંને મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**ફરીયાદ પક્ષની દલીલ :–**

**(૦૯).** ફરીયાદપક્ષે વિદવાન એ.પી.પી.શ્રી એમ.કે.ગોહેલએ મુખ્યત્વે ફરીયાદપક્ષે રજુ કરેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવા તરફ કોર્ટનું ધ્યાન દોરી રજુઆત કરેલી છે કે, આ કેસમાં ફરીયાદપક્ષે તપાસેલા પંચ સાહેદો હોસ્ટાઈલ થયેલા છે, પરંતુ તેટલા કારણમાત્રથી ફરીયાદપક્ષનો કેસ નબળો પડતો નથી કે, નાસાબિત થતો નથી. ફરીયાદ પક્ષે આંક–૦૬ થી ફરીયાદી ગભરુભાઈ નારણભાઈ બાંભણીયાએ આંક–૭ ની ફરીયાદને આંશિક સમર્થન આપેલ છે, જયારે અન્ય સાહેદ પુરાવાઓને ધ્યાને લેતા જયેશભાઈ ગભરુભાઈ બાંભણીયાએ આંક–૮ થી તેમજ સાહેદ હંસાબેન ગભરુભાઈ બાંભણીયાએ આંક–૯ થી તેમજ સાહેબ કાન્તીભાઈ નાથાભાઈ ચૌહાણએ આંક–૧૦ થી તેમજ સાહેદ દિલીપભાઈ રાજાભાઈ ચૌહાણએ આંક–૧૧થી તેમજ સાહેદ શાન્તુબેન જોધુભાઈ પરમાર એ આંક–૧૨ ના પુરાવાથી બનાવની હકીકતને સમર્થન આપેલ છે. તેમજ ડો.રસિકભાઈ મગનભાઈ વઘાસીયાના આંક–૧૯ થી મેડીકલ પુરાવાથી સમર્થન આપેલ છે. તેમજ તપાસ અધિકારી મેપાભાઈ ડાયાભાઈ વાજાએ આંક–૧૫ ના તથા સાહેદ કીર્તિકુમાર મુળશંકર જોષીના આંક–૧૭ ના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ છે. તેમજ તપાસ કરનાર અમલદારે પોતાની જુબાનીમાં તપાસની ઔપચારિક વિગતો તેમજ આ કેસમાં તપાસવામાં આવેલા સાહેદો કે જે હોસ્ટાઈલ જાહેર થયેલા છે તેવા સાહેદોએ તપાસ કરનાર અમલદાર રુબરુ જે નિવેદનો નોંધાવેલા જેની વિગતો

સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે. આમ સમગ્ર રીતે જોતા ફરીયાદપક્ષનો કેસ સાબિત થયેલ હોય, આરોપીને દોષિત ઠરાવી સજા કરવા રજુઆત કરેલી છે.

**બચાવપક્ષની દલીલ :–**

**(૧૦)** બચાવપક્ષે વિદવાન વકીલ શ્રી એ.એન.સોલાએ મૌખિક દલીલ કરેલી છે અને જેમાં તેમણે જણાવેલ છે કે, આ કેસમાં આરોપીઓ સામે આઈ.પી. સી. કલમ–૩૨૪,૩૨૩,૪૫૨,૫૦૪ તથા જી.પી.એ.૧૩૫ મુજબનો કોઈ ચાર્જફ્રેમ કરવામાં આવેલ છે. આ સજોગોમાં આરોપીઓ સામેનો કેસ યથાસ્વરુપે ધ્યાને લઈએ તો પણ પૂરવાર થતો નથી. વધુમાં તેઓની રજુઆત છે કે, ફરીયાદીની ફરીયાદ જોતા તેઓની પાંઉભાજની રૂા.૧૦૦/–ની બાકી રકમની ઉઘરાણી કરતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ ગાળો આપેલ હોય, કે લાકડી કે પાવડા વડે આંક–૭ ની હકીકતે ફરીયાદી સાહેદોને માર મારેલ હોય તેવો ફરીયાદ આક્ષેપ છે, પરંતુ ફરીયાદી અને સાહેદોએ પોતાના પુરાવામાં ફરીયાદ વાળા બનાવને સમર્થન મળે તેવી હકીકતો જણાવેલ નથી.ફરીયાદી અને સાહેદો ફરી ગયેલા જાહેર થયેલા છે.અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ પુરાવાનું કે મેડીકલ પુરાવાથી પણ સમર્થન મળતું નથી. પક્ષકારો વચ્ચે સામ સામી ફરીયાદ થયેલી હોય, પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થયેલ છે. આમ આ કેસમાં આરોપીઓએ ફરીયાદીની કોઈ માર મારી ઈજા પહોંચાડેલ હોય તેવું શંકા રહિત પુરાવાથી કેસ સાબિત થતો ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆતો કરેલી છે.

**કાનૂની પરિસ્થિતિ :–**

**(૧૧)** આરોપી સામે ભારતીય દંડ સંહિતા કલમ–૩૨૩,૩૨૪,૫૦૪,૪૫૨, તથા જી.પી.એ.૧૩૫ મુજબના ગુનાના આરોપી છે, સદર ગુનો સાબિત કરવા માટે ગુન્હાના આવશ્યક તત્વો સાબિત કરવા અનિવાર્ય છે.

(૧) **ભારતીય દંડ સંહિતા કલમ ૩૨૩ :–**

**સ્વેચ્છા પુર્વક વ્યથા પહોંચાડવાની સજા :–**

કોઈપણ વ્યકિત, કલમ–૩૩૪ માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડે તેને એક વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કે અથવા એક હજાર રુપિયા સુધીનો દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

(૨) **ભારતીય દંડ સંહિતા કલમ –૩૨૪ :–**

**ભયાનક શસ્ત્રો કે સાધનો ધ્વારા સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડવી :–**

કોઈપણ વ્યકિત કલમ–૩૨૪ માં દર્શાવેલાં સંજોગોમાં હોય તે સિવાય ગોળી છોડવાના ભોંકવાના અથવા કાપવાના સાધન વડે અથવા જે સાધનને આક્રમક હથિયાર તરીકે વાપરવાથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે તપાસેલા કોઈ પદાર્થ વડે અથવા ઝેર કે ક્ષયજનક પદાર્થ વડે અથવા કોઈ સ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ શ્વાસમાં લેવાથી કે ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનિકારક નિવડે તેવાં પદાર્થ વડે અથવા કોઈ પ્રાણી મારફત સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડે તેને ત્રણવર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

(૩) **ભારતીય દંડ સંહિતા કલમ કલમ–૪૫૨ :–**

## વ્યથા, હુમલો અથવા સદોષ અવરોધ કરવાની તૈયારી કર્યા બાદ અનધિકૃત ગૃહપ્રવેશ :–

કોઈપણ વ્યકિત, અન્ય કોઈ વ્યકિતને વ્યથા કરવા અથવા તેના પર હુમલો કરવા અથવા તેને સદોષ અવરોધ કરવાની અથવા તેને વ્યથા, હુમલો કે સદોષ અવરોધનો ભય ઉભો કરીને અનધિકૃત ગૃહપ્રવેશ કરે તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પૉ પણ થશે.

(૪) **ભારતીય દંડ સંહિતા કલમ કલમ ૫૦૪ :–**

**સુલેહ ભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાનઃ–**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુન્હો કરી બેશે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહ–શાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુન્હો કરી બેશસે તેવો સંભવ હોવાનું જાણવા છતા કોઈ પણ વ્યકિત ઈરાદાપુર્વક અન્ય કોઈ વ્યકિતનું અપમાન કરી ને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

(૫) **જી.પી.એકટ કલમ ૧૩૫ :–**

**કલમ–૩૭,૩૯ અથવા ૪૦ મુજબના નિયમો અથવા હુકમોનું ઉલ્લંઘન કરવા બદલ શિક્ષા :–**

કલમ ૩૭, ૩૯ અથવા ૪૦ મુજબ કાયદેસર રીતે કરવામાં આવેલા કોઈપણ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન કરવામાં કોઈને મદદગારી કરનારને દોષિત ઠર્યથી નીચે મુજબની શિક્ષા થશે. :–

(૧) જે હુકમનું પાલન કરવામાં ન આવ્યું હોય અથવા જેનું પાલન ન કરવામાં મદદ કરવામાં આવી હોય તે હુકમ જો કલમ ૩૭ ની પેટા–કલમ (૧) મુજબ અથવા કલમ ૩૯ અથવા કલમ ૪૦ મુજબ કરવામાં આવ્યો હોય તો તેને એકવર્ષની મુદત સુધીની કેદની, પરંતુ તે શિક્ષા, લેખિત કારણો આપ્યાં હોય તે સિવાય, ચાર મહીનાની મુદતથી ઓછી હોવી જોઈએ નહી અને તે દંડને પણ પાત્ર થશે, અને

(૨) જો સદરહુ હુકમ કલમ ૩૭ ની પેટા–કલમ (૨) મુજબ કરવામાં આવ્યો હોય તો, એક મહીના સુધીની મુદતની કેદની અથવા સો રુપિયા સુધીના દંડની, અને

(૩) જો સદરહુ હુકમ કલમ ૩૭ ની પેટા કલમ (૩) મુજબ કરવામાં આવ્યો હોય તો, સો રુપિયા સુધીના દંડની.

**જી.પી.એકટ કલમ–૩૭(૧)અ :–**

**ગેરબંદોબસ્ત અટકાવવા અમુક કૃત્યોની બંધી કરવાની સત્તા.**

(૧) કમિશનર અને જિલ્લા મેજીસ્ટ્રેટ પોતપોતાના હવાલામાં હોય તે વિસ્તારમાં લોકોમાં સુલેહ રાખવા સારું અથવા તેમની સલામતીનું રક્ષણ કરવા સારું પોતાને જરુર લાગે ત્યારે અને તેટલી મુદત સુધી જાહેર રીતે જાહેરનામું કાઢીને અથવા અમુક વ્યકિતઓને ઉદેશી કાઢેલા જાહેરનામા મારફત કોઈ નગરમાં, ગામ અથવા જગામાં અથવા આવા નગરની, ગામની અથવા જગાની નજદીકના સ્થળમાં નીચે પ્રમાણે કરવાની બંધી ફરમાવી શકશે :

(અ) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની,

**:: પૂરાવાનું પૃથ્થકરણ અને મુલ્યાંકન ::–**

**(૧૨)** ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે કુલ–૧૨ સાક્ષીઓને તપાસેલા છે. તેઓ પૈકી સૌ પ્રથમ જે સાહેદોએ ફરીયાદપક્ષને કેસને બિલકુલ સમર્થન કરેલ નથી.

**ફરીયાદીની જુબાની :–**

**(૧૩)** ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક–૦૬ થી ફરીયાદી ગભરુભાઈ નારણભા બાંભણીયાએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે બે વર્ષ અગાઉ બનેલો. બપોરના સમયે હું મારા ઘરે હતો ત્યારે મારે આરોપી પાસેથી સો રૂપીયા લેવાના નીકળતા હતા તેની ઉઘરાણી કરતા અમારી બંને વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય બીજુ કાઈ બનેલુ નહી. આ બોલાચાલી દરમ્યાન હું પડી ગયેલો અને પગમાં ઈજા થયેલી. મને ડો.વઘાસીયાને ત્યાં સારવાર માટે લાવેલા અને ત્યાં પોલીસ આવેલી અને ફરીયાદમાં મારી સહી કરાવી ગયેલી. ફરીયાદમાં શું લખેલુ તે મને વંચાવેલુ નહી. આ સીવાય બીજુ કાઈ બનેલુ નહી. આરોપી કોર્ટમાં હાજર છે, તેમને હું ઓળખુ છું. મને અસલ ફરીયાદમાં બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે, જે ઓળખી બતાવુ છું, જે રજુ આંક–૭થી રજુ છે.

આ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય વિદ. એ.પી.પી.શ્રીએ સાહેદને ફરી ગયેલા જાહેર કરી તેની ઉલટ તપાસ કરેલ છે તે પુરાવામાં પણ વિશેષ કોઈ ફળદાયી હકીકત રેકર્ડ આવેલ નથી.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી સોલાએ આ સાહેદની ઉલટ તપાસ કરેલ છે તેમાં સાહેદે સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, તેમારે અને આરોપી જેન્તીને સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, પોલીસે તેમને નામ, સરનામુ પુછેલ અને ફરીયાદમાં સહી લીધેલી, ફરીયાદમાં શું લખેલ હતુ તેની તેમને ખબર નથી. એ વાત ખરી છે કે ,ફરીયાદ તેમને વાંચી સંભળાવેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે તૈયાર લખેલ ફરીયાદમાં સહી કરવા સીવાય તે બીજુ કાઈ જાણતા નથી.

આમ આ મહત્વના અને ઈજા પામનાર સાહેદે પોતાની ફરીયાદ હકીકતને મહત્વની બાબતે લેશમાત્ર સમર્થન આપેલ ન હોય ફરીયાદને સમર્થન પ્રાપ્ત થતું ન હોય ફરીયાદ સાચી માની શકાય નહીં.

**(૧૪)** ફરીયાદપક્ષે કેસના સમર્થનમાં તપાસેલા અન્ય સાહેદોના પુરાવાઓને જોવામાં આવે તો આંક–૦૮થી સાહેદ જયેશભાઈ ગભરુભાઈ બાંભણીયાને તેમજ આંક–૯ થી સાહેદ હંસાબેન ગભરુભાઈ બાંભણીયાએ તેમજ આંક–૧૦થી સાહેદ કાંતિભાઈ નાથાભાઈ ચૌહાણને તેમજ આંક–૧૧ થી સાહેદ દિલીપભાઈ રાજાભાઈ ચૌહાણને તેમજ આંક–૧૨ થી સાહેદ શાંતુબેન જોધુભાઈ પરમારને આંક–૧૨

થી સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવેલી છે. આ તમામ સાહેદોના પુરાવાને ધ્યાને લેવામાં આવે તો ફરીયાદી અને આરોપીઓ વચ્ચે બોલાચાલી થયેલાનું સાંભળેલું અને કોઈને કાંઈ ઈજા થયલી કે કેમ તેની તેમને ખબર નથી. આમ ફરીયાદાળા બનાવથી તદ્દન વિમુખ હકીકતો જુબાનીમાં જણાવી ગયેલા હોય.ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય, ફરીયાદપક્ષે વિદ. એ.પી. પી. શ્રીએ આ તમામ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસ કરેલ છે તે ઉલટ તપાસના પુરાવામાં પણ ફરીયાદપક્ષે વિશેષ કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલા નથી.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી સોલાએ આ સાહેદોની ઉલટ તપાસ કરેલ છે તેમાં સાહેદાએ સ્વીકારેલ છે કે, પોલીસે તેમનું માત્ર નામ ઠામ પુછેલું, તે સિવાય બીજુ કાંઈ પુછેલ નહીં, પોલીસે તેમનું વિનેદન વંચાવેલ નથી. તેમજ બનાવ અંગે તેમને વિશેષ કોઈ માહિતી નથી. આરોપીઓ ગામના હોવાથી ઓળખે છે. બનાવ નજરે જોયેલ નથી.

આમ સમગ્ર રીતે જોતા ફરીયાદપક્ષના આ તમામ સાહેદો ફરીયાદવાળા બનાવને સમર્થન કરતા ન હોય, ફરીયાદ હકીકત સાચી માની શકાય નહીં કે આરોપી સામેના આક્ષેપો ટકી શકે નહીં.

**(૧૫)** ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક–૧૯ થી સાહેદ ડો. રસિકભાઈ મગનભાઈ વઘાસીયાને તપાસેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે," હું

ઉનાખાતે માનવદિપ હોસ્પીટલ છેલ્લા વીશ વર્ષથી ચલાવુ છું. હું એમ.એસ. જનરલ સર્જન છું.ગઈ તા.૧૧/૯/૨૦૧૬ ના રોજ અમો અમારી માનવદિપ હોસપીટલ ઉના ખાતે હાજર હતો. ત્યારે બપોરના ૧–૩૦ કલાકે સરકારી હોસ્પીટલ ઉના તરફથી રીફર નોટ સાથે દર્દી નામે ગભરુભાઈ નારણભાઈ બાંભણીયા ,ઉ.વ.–૫૦,રહે. ધોકડવા વાળાને મારી પાસે સારવાર અર્થે લાવેલા. ગૃપ મારામારીમાં ઈજા થયેલાની હીસ્ટ્રી જણાવેલી. તેઓને મેં તપાસતા તેઓને નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલી. (૧) તેઓના નાક ઉપર શાર્પકટીંગ ઈન્જરી હતી. આ ઘા સ્કીનડીપ હતો. આ ઈજા સાદા પ્રકારની હતી.તેઓને મેં જરુરી સારવાર આપી ,તા.૧૨/૯/૧૬ ના રોજ સવારે ૧૧–૦૦ વાગ્યે ડીસ્ચાર્જ કરેલા. મને કોર્ટ રેકર્ડમાંથી ઈજા પામનાર ગભરુભાઈ નારણભાઈના મેડીકલ સ ર્ટીફિકેટની ખરી નકલ બતાવવામાં આવે છે, જે મારા હસ્તાક્ષરમાં છે જેમા મારી સહી અને સિકકો છે જે રજુ દાખલ આંક–૨૦.થી રજુ છે.

જયારે આ સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી સોલાએ ઉલટ તપાસ કરેલી છે તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, ઈજા પામનારનારને આ ઈજા કોણે કરી, કઈ જગ્યાએ કરી, કયા હથિયારથી કરી તે અંગેની કોઈ વિગતવાર હીસ્ટ્રી તેમને જણાવેલી નથી. એ વાતખરી છે કે, ગભુરભાઈની ઈજા સામાન્ય પ્રકારની હતી. એ વાત ખરી છે કે,કોઈ વ્યકિત નીચે પડી જાય તો પણ આ પ્રકારની ઈજા થઈ શકે. '

આમ આ સાહેદના પુરાવાને ધ્યાને લેતા ફરીયાદીને નાક ઉપર ઈજા થયેલાનું અને તેને સારવાર આપેલાનું તેમજ આંક–૨૦ ના સર્ટીફિકેટ મુજબ ફલિત થાય છે તે માનવામાં આવે તો પણ તેવી ઈજા આરોપીએ કરેલ છે તેવી હકીકત આ પુરાવામાંથી ફલિત થતી નથી કે ખુદ ફરીયાદી સાહેદોના અન્ય સાહેદોના પુરાવામાંથી પણ રેકર્ડ પર પુરવાર થતું ન હોય. સદરહુ ઈજા અંગે હાલના આરોપીઓને જવાબદાર ઠરાવી શકાય કે બનાવ સાથે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી.

**(૧૬)** ફરીયાદપક્ષે આરોપીની અટક કર્યાના પંચનામા આંક–૧૮ ને પુરવાર કરવા માટે આંક–૨૩ થી પંચ સાહેદ જમીયતખા ઈજજતખાં બ્લોચને તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાની જુબાનીમાં તૈયાર પંચનામામાં પંચનં.ર તરીકે સહી કરેલ હોવાનું તેમની રુબરુમાં કોઈ આરોપીની ધરપકડ કરવામાં આવેલ હોવાનું તેઓ જાણતા ન હોય, જણાવતા નથી. જયારે વિદ.એ.પી.પીશ્રીએ આ સાહેદને ફરી ગયેલા જાહેર કરી તેની ઉલટ તપાસ કરેલી છે તેમ છતાં પણ ફરીયાદપક્ષને અનુરુપ કોઈ વિશેષ સમર્થનકારી હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલા નથી. જયારે બચાવપક્ષે થયેલી ઉલટ તપાસમાં પણ સાહેદે સ્વીકારેલ છે કે, પોલીસે તૈયાર લખાણમાં સહી લીધેલી, સહી સિવાય બીજુ કાંઈ જાણતા નથી, અને આરોપીને તેમણે જોયેલ નથી. આમ, સમગ્ર રીતે આ પુરાવો તપાસતા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપી જતો નથી.

**(૧૭)** વધુમાં ફરીયાદપક્ષે સાહેદ અજીતખા અહમદખા જલવાણીને આંક–૧૩ થી તપાસેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,'' ગઈ તા.૧૧/૦૯/૨૦૧૬ના

રોજ હું ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. ચાર્જમાં હતો તે દરમ્યાન કલાક ૨૨ઃ૩૦ વાગ્યે એ.એસ.આઈ.શ્રી એમ.ડી.વાજાએ પોતાના રુબરુની લીધેલ ફરીયાદ અમોને ગુનો રજીસ્ટર કરવા આપતા અમોએ આ ફરીયાદ સદરહુ ફરીયાદ ગીરગઢડા પો.સ્ટે. ગુ.ર.નં. ફર્સ્ટ ૫૪/૧૬ થી આઈ.પી.સી. કલમ– ૩૨૪, ૩૨૩, ૪૫૨, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ નોંધેલી અને આગળની તપાસ એ.એસ.આઈ.શ્રી એમ.ડી.વાજાને સોંપેલી.

મને કોર્ટના રેકર્ડમાંથી અસલ એફ.આઈ.આર. બતાવવામાં આવે છે. જે મે દાખલ કરેલી તે જ છે. જેમાં પી.એસ.ઓ. તરીકે મારી સહી છે. જે ઓળખી બતાવુ છું. જે રજુ આંક–૧૪. મને આંક–૭ની અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જે મને ગુનો દાખલ થવા મળેલી તે જ છે. ''

જયારે બચાવપક્ષે આ સાહેદે ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, એફ.આઈ.આર.ના કોલમ નં.૩માં ગુનો બન્યાનો સમય ૧૩:૦૦ કલાક દર્શાવેલ છે અને ગુનો જાહેર થયાનો સમય ૨૨:૩૦ લખાવેલ છે. એ વાત ખરી છે કે, એફ.આઈ.આર.ના કોલમ નં.૮માં ફરીયાદ મોડી કર્યાનું કોઈ કારણ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદ મારા રુબરુ લેવાયેલ નથી. એ વાત ખરી છે કે, તેમણે સી.આર.પી.સી. કલમ–૧૫૪ના ફોર્મમાં છાપેલી છે. એ વાત ખરી છે કે, સરતપાસમાં જણાવ્યા સીવાય તેમણે બીજી કોઈ કામગીરી કરેલ નથી. એ વાત ખરી છે કે,બનાવ અંગે મને કોઈ જાતમાહીતી નથી. '' આમ આ સાહેદે ફરીયાદ વાળા બનાવનો ગુનો નોંધી એફ.આઈ.આર. નોંધેલ છે તેમજ આ સિવાયની બીજી કોઈ કામગીરી કરેલ ન હોવાનું જણાવી ગયેલ છે.

**(૧૮)** વધુમાં ફરીયાદપક્ષે સાહેદ મેપાભાઈ ડાયાભાઈ વાજાને આંક–૧૫ થી તપાસેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, '' (૧) ગઈ તા.૧૧/૦૯/ ૨૦૧૬ના રોજ હું ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે પી.એસ.ઓ. એ મને ડી.ઓ.ની જાણ કરતા અમોએ ડો.વઘાસીયાના દવાખાને ઈ જા પામનાર સારવાર હેઠળ હોય ત્યાં જઈને તેઓની અમો રુબરુ ફરીયાદ નોંધેલી. મને આંક–૭ની અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જે મે મારા રુબરુ નોંધેલી તે જ છે અને તે ફરીયાદ ગુનો દાખલ થવા પી.એસ.ઓ. તરફ મે મોકલેલી તે જ છે. પી.એસ.ઓ.એ સદર ફરીયાદ અનુસંધાને ગીરગઢડા પો.સ્ટે. ગુ.ર.નં. ફર્સ્ટ ૫૪/૧૬ થી આઈ.પી.સી. કલમ–૩૨૪, ૩૨૩, ૪૫૨, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ નોંધેલી અને આગળની તપાસ અમોને સોંપેલી. અમોએ સંબંધીત સાહેદોના નિવેદનો નોંધેલા. ઈજા પામનારનું મેડીકલ સર્ટી. મેળવેલુ. બનાવના અરસામાં હથીયાર બંધીનું જાહેરનામુ અમલમાં હોય તે મેળવી રજુ રાખેલ, જે જાહેરનામાની ખરીનકલ કોર્ટના રેકર્ડમાંથી મને બતાવવામાં આવે છે, તે તે જ છે, જે રજુ આંક–૧૬.

(૨) ફરીયાદીએ અમો રુબરુની ફરીયાદમાં એ હકીકત લખાવેલ છે કે, ''આજરોજ બપોરના એકાદ વાગ્યે હું મારી ઓસરીમાં ખાટલા ઉપર બેઠેલ હતો ત્યારે જેન્તી ખોડા તથા દિલીપ રાજા, કાન્તી નાથા આ ત્રણેય આવેલા અને મે જેન્તી ખોડા હરીજન પાસે મારા પૈસા બાકી હોય તેની ઉઘરાણી કરતા આ જેન્તી ખોડા ઉશ્કેરાઈ જઈ મને ગાળો આપવા લાગેલ અને કહેલ કે તારા પૈસા આપવા નહી તેમ કહી મારા ખાટલા પાસે પડેલ બડીયો લઈ મને જમણા પગે મારેલ જેથી મને તેની સાથે આવેલા દિલીપ તથા કાન્તી આ જેન્તીને સમજાવીને લઈ જવા પ્રયત્ન કરતા જેન્તી સમજેલ નહી અને ગાળો બોલતો હતો જેથી મે મારા દીકરા જયેશને ફોન કરતા તે ઘરે આવતા તેની સાથે પણ આ જેન્તી ખોડા ગાળો બોલવા લાગેલ અને ફળીયામાં પડેલ પાવડો લઈ જયેશને મારવા જતા હું ઓસરીમાંથી નીચે ઉતરી વચ્ચે પડતા મને નાકના ભાગે પાવડો વાગેલ અને મને નાકમાંથી લોહી નીકળવા લાગેલ. આ વખતે મારી દીકરી હંસા વચ્ચે પડતા તેને પણ મારી પાસેનો બડીયો આંચકી લઈ પગમાં એક ઘા મારેલ અને જેન્તી ખોડાને દિલીપ તથા કાન્તી સમજાવતા હોય જેન્તી સમજેલ ન હોવાથી દિલીપ તથા કાન્તી જતા રહેલા. ત્યારપછી મારા કુટુંબી બેન શાન્તુબેન જોધુભાઈ આવી જતા તેમણે આ જેન્તી ખોડાને સમજાવતા તે જતો રહેલ. ત્યારપછી મારા દીકરા જયેશે ૧૦૮ને ફોન કરતા ૧૦૮ આવતા હું તથા મારી દીકરી હંસા અને મારો દીકરો જયેશ સરકારી દવાખાનામાં સારવાર માટે લાવેલ.''

(૩) અમોએ અમારી તપાસ દરમ્યાન સાહેદ હંસાબેન ગભરુભાઈનું નિવેદન નોંધેલુ, તેણીએ મારી રુબરુ એવુ લખાવેલ છે કે, ''ગઈ કાલ તા.૧૧/૯/૨૦૧૬ના રોજ બપોરના એકાદ વાગ્યે મારા બાપુજી અમારા ઘરે ઓસરીમાં ખાટલા ઉપર બેસેલ હતા ત્યારે અમારા ગામના જેન્તી ખોડા તથા દિલીપ રાજા, કાન્તી નાથા ત્રણેય આવેલા અને મારા બાપુજીએ જેન્તી ખોડા હરીજન પાસે અમારા પૈસા બાકી હોય તેની ઉઘરાણી કરતા જેન્તીભાઈ ખોડાભાઈએ ઉશ્કેરાઈ જઈ મારા બાપુજીને ગાળો આપવા લાગેલ અને કહેલ કે તારા પૈસા આપવા નથી તેમ કહી મારા બાપુજી બેસેલ હતા તે ખાટલા પાસે પડેલ બડીયો મારા બાપુજીના જમણા પગે મારેલ તેની સાથે આવેલ દિલીપભાઈ તથા કાન્તીભાઈ બંને જેન્તી ખોડાભાઈને સમજાવીને લઈ જવા પ્રયત્ન કરતા હતા પણ જેન્તી સમજેલ નહી અને ગાળો બોલતો હોય જેથી મારા બાપુજીએ મારા ભાઈ જયેશને ફોન કરતા તે ઘરે આવતા તેની સાથે પણ જેન્તીએ ગાળો બોલેલ અને ફળીયામાં પડેલ પાવડો

લઈ જયેશને મારવા જતા મારા બાપુજી ઓસરીમાંથી નીચે ઉતરી વચ્ચે પડતા મારા બાપુજીને નાકના ભાગે પાવડો વાગેલ અને મને નાકમાંથી લોહી નીકળવા લાગેલ. જેથી હું વચ્ચે પડતા મને બડીયા વડે પગમાં એક ઘા મારેલ અને જેન્તી ખોડાને દિલીપભાઈ તથા કાન્તીભાઈ સમજાવતા હોય અને જેન્તી સમજેલ ન હોવાથી દિલીપ તથા કાન્તી જતા રહેલા. ત્યારપછી મારા કુટુંબી ફુઈ શાન્તુબેન જોધુભાઈ આવી જતા આ જેન્તીને સમજાવતા તે જતો રહેલ. ત્યારપછી મે ૧ ૦૮ને ફોન કરતા ૧૦૮ આવતા તેમાં હું તથા મારો ભાઈ જયેશ અને મારા બાપુજી સરકારી દવાખાનામાં સારવાર માટે લાવેલ.''

(૪) અમોએ સાહેદ જયેશ ગભરુભાઈનું નિવેદન નોંધેલુ, તેઓએ મારી રુબરુ એવુ લખાવેલ છે કે, ''ગઈ કાલ તા.૧૧/૯/૨૦૧૬ના રોજ બપોરના એકાદ વાગ્યાની આસપાસ હું ગામમાં હતો ત્યારે મારા બાપુજીનો મારા ઉપર ફોન આવેલો અને જણાવેલ કે હું ઘરે ઓસરીમાં ખાટલા ઉપર બેઠેલ હતો ,ત્યારે આપણા ગામના જેન્તી ખોડા તથા દિલીપ રાજા, કાન્તી નાથા ત્રણેય આવેલા અને મે જેન્તી ખોડા હરીજન પાસે પૈસા બાકી હોય તેની ઉઘરાણી કરતા જેન્તી ખોડાએ ઉશ્કેરાઈ જઈ મને ગાળો આપવા લાગેલ અને કહેલ કે તારા પૈસા આપવા નથી તેમ કહી બડીયા વડે જમણા પગે મારેલ છે તેમ જણાવતા હું તાત્કાલીક ઘરે આવેલ અને જોયુ તો અમારા ઘરે અમારા ગામના દિલીપ તથા કાન્તીભાઈ જેન્તી ખોડાભાઈને સમજાવીને લઈ જવા પ્રયત્ન કરતા હતા પણ જેન્તીભાઈ ખોડાભાઈ સમજેલ નહી અને ગાળો બોલતો હતો અને મને પણ જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગેલ અને ફળીયામાં પડેલ પાવડો લઈ મને મારવા આવતા મારા બાપુજી ઓસરીમાંથી નીચે ઉતરી વચ્ચે પડતા મારા બાપુજીને નાકના ભાગે પાવડો વાગેલ અને મને નાકમાંથી લોહી નીકળવા લાગેલ. જેથી મારી બેન હંસા વચ્ચે પડતા તેને પણ બડીયા વડે પગમાં એક ઘા મારેલ અને જેન્તીભાઈ ખોડાભાઈને દિલીપભાઈ તથા કાન્તીભાઈ સમજાવતા હોય અને જેન્તીભાઈ સમજેલ ન હોવાથી દિલીપ તથા કાન્તી જતા રહેલા. ત્યારપછી મારા કુટુંબી ફુઈ શાન્તુબેન જોધુભાઈ આવી જતા આ જેન્તીને સમજાવતા તે જતો રહેલ. ત્યારપછી મે ૧૦૮ને ફોન કરતા ૧૦૮ આવતા તેમાં હું તથા મારી બેન હંસા અને મારા બાપુજી સરકારી દવાખાનામાં સારવાર માટે લાવેલ.''

(૫) અમોએ સાહેદ કાન્તીભાઈ નાથાભાઈનું નિવેદન નોંધેલુ, તેઓએ મારી રુબરુ એવુ લખાવેલ છે કે, ''ગઈ કાલ તા.૧૧/૯/૨૦૧૬ના રોજ બપોરના એકાદ

વાગ્યે અમારા ગામના ગભરુભાઈના ઘર પાસેથી હું તથા જેન્તી ખોડા તથા દિલીપ રાજા એમ ત્રણેય ચાલતા જતા હતા ત્યારે ગભરુભાઈએ ખોડાભાઈ પાસે તેમના બાકીના પૈસાની ઉઘરાણી કરતા જેન્તીભાઈ ખોડાભાઈએ ઉશ્કેરાઈ જઈ ગભરુભાઈને ગાળો આપવા લાગેલ કે તારા પૈસા આપવા નથી તેમ કહી બંને એકબીજાને બોલવા લાગેલ. પછી હું તેમજ દિલીપભાઈ બંને જેન્તી ખોડાભાઈને સમજાવીને ત્યાંથી લઈ જવા પ્રયત્ન કરતા હતા પણ જેન્તીભાઈ સમજેલ નહી અને ગાળો બોલતા હોય એટલામાં ગભરુભાઈનો દીકરો જયેશ પણ ત્યાં આવી ગયેલ અને જયેશને પણ ગાળો બોલી ફળીયામાં પડેલ પાવડો લઈ જેન્તીભાઈ જયેશને મારવા જતા ગભરુભાઈ ઓસરીમાંથી નીચે ઉતરી વચ્ચે પડતા ગભરુભાઈને નાકના ભાગે પાવડો વાગેલ અને નાકમાંથી લોહી નીકળવા લાગેલ. પછી ગભરુભાઈની દીકરી હંસા વચ્ચે પડતા તેને પણ બડીયાનો ઘા પગમાં વાગેલ અને જેન્તી ખોડાને હું તેમજ દિલીપભાઈએ સમજાવતા સમજેલ ન હોય જેથી હું તથા દિલીપભાઈ જગ્યા પરથી જતા રહેલા. પછી જાણવા મળેલ કે ૧૦૮માં ગભરુભાઈ તેમજ તેમની દીકરીને ઈજા થયેલ હોય જેથી હોસ્પીટલે સારવારમાં લઈ ગયેલ છે."

(૬) અમોએ સાહેદ દિલીપભાઈ રાજાભાઈનું નિવેદન નોંધેલુ, તેઓએ મારી રુબરુ એવુ લખાવેલ છે કે, "ગઈ કાલ તા.૧૧/૯/૨૦૧૬ના રોજ બપોરના એકાદ વાગ્યે અમારા ગામના ગભરુભાઈના ઘર પાસેથી હું તથા જેન્તી ખોડા તથા કાન્તી નાથા એમ ત્રણેય ચાલતા જતા હતા ત્યારે ગભરુભાઈએ ખોડાભાઈ પાસે તેમના બાકીના પૈસાની ઉઘરાણી કરતા જેન્તીભાઈ ખોડાભાઈએ ઉશ્કેરાઈ જઈ ગભરુભાઈને ગાળો આપવા લાગેલ કે તારા પૈસા આપવા નથી તેમ કહી બંને એકબીજાને બોલવા લાગેલ. પછી હું તેમજ કાન્તીભાઈ બંને જેન્તી ખોડાભાઈને સમજાવીને ત્યાંથી લઈ જવા પ્રયત્ન કરતા હતા પણ જેન્તીભાઈ સમજેલ નહી અને ગાળો બોલતા હોય એટલામાં ગભરુભાઈનો દીકરો જયેશ પણ ત્યાં આવી ગયેલ અને જયેશને પણ ગાળો બોલી ફળીયામાં પડેલ પાવડો લઈ જેન્તીભાઈ જયેશને મારવા જતા ગભરુભાઈ ઓસરીમાંથી નીચે ઉતરી વચ્ચે પડતા ગભરુભાઈને નાકના ભાગે પાવડો વાગેલ અને નાકમાંથી લોહી નીકળવા લાગેલ. પછી ગભરુભાઈની દીકરી હંસા વચ્ચે પડતા તેને પણ બડીયાનો ઘા પગમાં વાગેલ અને જેન્તી ખોડાને હું તેમજ કાન્તીભાઈએ સમજાવતા સમજેલ ન હોય જેથી હું તથા કાન્તીભાઈ જગ્યા પરથી જતા રહેલા. પછી જાણવા મળેલ કે

૧૦૮માં ગભરુભાઈ તેમજ તેમની દીકરીને ઈજા થયેલ હોય જેથી હોસ્પીટલે સારવારમાં લઈ ગયેલ છે.''

(૭) અમોએ સાહેદ શાન્તુબેન જોધુભાઈનું નિવેદન નોંધેલુ, તેણીએ મારી રુબરુ એવુ લખાવેલ છે કે, ''ગઈ કાલ તા.૧૧/૯/૨૦૧૬ના રોજ બપોરના એકાદ વાગ્યે હું મારા ઘરે હાજર હતી અને મારા પતિ મજુરીકામ કરવા માટે ગયેલા હતા અને ઝઘડો થતો હોય તેનો અવાજ આવતા હું બહાર નીકળી અને જોયુ તો મારા કુટુંબી ગભરુભાઈના ઘરે જેન્તીભાઈ ખોડાભાઈ મારા ભાઈ ગભરુભાઈને તેમના દીકરા જયેશ અને હંસાને માર મારતા હતા અને ગાળો બોલતા હતા અને ગભરુભાઈને નાકમાંથી લોહી નીકળતુ હતુ. પછી મે વચ્ચે પડી જેન્તી ખોડાને સમજાવેલ અને ઝઘડો કરતા અટકાવેલ. પછી આ જેન્તીભાઈ ખોડાભાઈ ત્યાંથી જતો રહેલ અને મારા ભાઈ ગભરુભાઈએ મને જણાવેલ કે હું ઓસરીમાં ખાટલા ઉપર બેસેલ હતો ત્યારે દિલીપ રાજા તથા જેન્તી ખોડા તથા કાન્તી નાથા એમ ત્રણેય આવેલ હતા ત્યારે ગભરુભાઈએ ખોડાભાઈ પાસે તેમના બાકીના પૈસાની ઉઘરાણી કરતા જેન્તીભાઈ ખોડાભાઈએ ઉશ્કેરાઈ જઈ ગભરુભાઈને ગાળો આપવા લાગેલ અને કહેલ કે તારા પૈસા આપવા નથી તેમ કહી મને બળીયો લઈ જમણા પગે મારેલ તેની સાથે આવેલ દિલીપભાઈ, કાન્તીભાઈ બંને જેન્તીને સમજાવીને લઈ જવા પ્રયત્ન કરતા જેન્તીભાઈ સમજેલ નહી અને ગાળો બોલતો હોય અને જયેશને પણ ગાળો બોલવા લાગેલ અને ફળીયામાં પડેલ પાવડો લઈ જયેશને મારવા જતા હું ઓસરીમાંથી નીચે ઉતરી વચ્ચે પડતા મને નાકના ભાગે પાવડો લાગેલ અને પછી જયેશે ૧૦૮ને ફોન કરતા ૧૦૮ આવતા તેમાં ગભરુભાઈ અને તેની દીકરી હંસા અને તથા દીકરા જયેશ એમ બધાને ઉના દવાખાને લઈ ગયેલ હતા. હું તેમની સાથે ૧૦૮માં દવાખાને ગયેલ ન હતી અને મારા કુટુંબી ભાઈ ગભરુભાઈને નાક ઉપર ટાંકા આવેલ છે.''

(૮) વધુમાં અમોએ બનાવવાળી જગ્યાએ જઈને બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલુ. આ ગુનાની આગળની તપાસ ડી.વાય.એસ.પી.શ્રી કે.એમ.જોષીને સુપરત કરેલી. ''

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી એ.એન.સોલાએ ઉલટતપાસ કરેલી છે. જેમા સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આ ગુનાની ફરીયાદ તેમના રુબરુ નોંધાયેલી છે અને તપાસ પણ તેમણે જ કરેલ છે. એ વાત ખરી છે કે, તેમણે સાહેદોના નિવેદન એક જ તારીખે નોંધી લીધેલા. એ વાત ખરી નથી કે તેમણે કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન

લીધેલા નહી. એ વાત ખરી નથી કે ,તેમણે ફરીયાદીએ લખાવ્યા મુજબની ફરીયાદ લખેલી નહી પરંતુ તેમની રીતે ફરીયાદ લખી લઈ તૈયાર લખેલ ફરીયાદમાં ફરીયાદીની સહી લીધેલી હતી. એ વાત ખરી નથી કે, તેમણે ફરીયાદ ફરીયાદીને વાંચી સંભળાવેલ ન હતી. એ વાત ખરી નથી કે,તેમણે સાહેદોના નિવેદનો સાહેદોના લખાવ્યા મુજબ નહી પરંતુ ફરીયાદને અનુરુપ તેમની રીતે લખી લીધેલ હતા. એ વાત ખરી નથી કે, તેમણે સાહેદોને નિવેદનો વાંચી સંભળાવેલા ન હતા. એ વાત ખરી નથી કે, તેમણે તેમની રીતે બનાવને અનુરુપ પોલીસ સ્ટેશને બેસી પંચનામા લખી લઈ અને પાછળથી પંચોની સહીઓ કરાવેલ હતી. એ વાત ખરી નથી કે, તે આ કામમાં બનાવ સ્થળે ગયેલ નથી કે તેમણે કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી નથી કે,તે સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

આમ, આ સાહેદે ફરીયાદ હકીકતે ધોરણસૂર તપાસની કામગીરી કરી લાગતા વળગતા સાહેદના નિવેદનો નોંધી સાધનિક, મેડીકલ કાગળો મેળવી, પચનામું કરી આરોપીને અટક કરી પુરતો પુરાવો જણાતા આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરેલ હોવાની હકીકતો જણાવી ગયેલ છે.

**(૧૯)** વધુમાં ફરીયાદપક્ષે સાહેદ કીર્તીકુમાર મુળશંકર જોષીને આંક–૧૭ થી તપાસેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, " ગઈ તા.૧૯/૨/૧૪થી અમો

ગીરસોમનાથ જિલ્લામાં નાયબ પોલીસ અધિક્ષક મુખ્ય મથક તરીકે ફરજ બજાવતા હતા. આ બનાવ વખતે અમારી પાસે નાયબ પોલીસ અધિક્ષક,એસ.સી./એસ.ટી. સેલનો ચાર્જ હતો. ગઈ તા.૧૧/૯/૧૬નારોજ ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં કલાક–૨૨–૩૦ વાગ્યે આ કામના ફરીયાદી ગભરુભાઈ નારણભાઈની ફરીયાદ એ.એસ.આઈ.શ્રી એમ.ડી.વાજા એ તેમના રૂબરૂ નોંધીને પી.એસ.ઓ.ને ગુન્હો દાખલ કરવા માટે સુપ્રત કરતા, પી.એસ.ઓ.એ આ ફરીયાદ અનુસંધાને ગીરગઢડા પોલીસ સ્ટેશન ગુ.રજી.નં.ફર્સ્ટ– ૫૪/૧૬ થી આઈ.પી.સી.કલમ–૩૨૩,૩૨૪,૪૫૨,૫૦૪, તથા જી.એ.૧૩૫ મુજબનો ગુનો નોંધેલ, અને આ ગુનાની આગળની તપાસ એ.એસ.આઈ.શ્રી એમ. ડી. વાજાને સોંપતા મોટા ભાગની તેમણે કરેલી અને ત્યારબાદ આગળની તપાસ અમો સંભાળેલી, અને તા.૪/૧૨/૧૬ ના રોજ કલાક –૧૫–૦૦ વાગ્યે પંચસાહેદ દિનેશભાઈ કાળુભાઈ પરમાર તથા બીજા પંચ જમયદખાં બ્લોચની હાજરીમાં આરોપી જેન્તીભાઈ ખોડાભાઈની અંગ ઝડતી

કરી, આ ગુનામાં વાપરેલ લાકડી(બડીયો) અને એક લાકડી કબજે કરેલ અને તે અંગેનું પંચનામું કરેલું. જે પંચનામાની ખરી નકલ તેમને કોર્ટના રેકર્ડમાંથી બતાવવામાં આવે છે. જેમા પંચોની તથા રૂબરુ તરીકે મારી સહી છે જે તે ઓળખી બતાવે આંક–૧૮ થી રજુ કરેલ છે. તેમજ સી.આર.પી.સી. કલમ–૪૧(૧) મુજબની તેઓને નોટિસ પાઠવી અને આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા જણાતા તેઓએ ચાર્જશીટ કરેલ હોવાનું જણાવી ગયેલ છે.

બચાવપક્ષે વિ.વ.શ્ર એ.એન.સોલાએ સાહેદની ઉલટ તપાસ કરેલ છે જેમા સાહેદે સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે તેમણે આ કામમાં કોઈ સાક્ષીઓના નિવેદનો નોંધેલા નથી. એ વાત ખરી છે કે,તેમણે આરોપીને સી.આર.પી.સી.કલમ–૪૧(૧) મુજબ નોટીસ પાઠવેલ પરંતુ ધરપકડ કરેલ નથી. જયારે એ હકીકતોનો ઈન્કાર કરેલ છે કે, એ વાત ખરી નથી કે તેઓએ તા.૪/૧૨/૨૦૧૬ ના રોજ કલાક ૧૫:૦૦ વાગે પંચ સાહેદ દિનેશ કાળુભાઈ પરમાર તથા બીજા પંચ જમયદખાં બ્લોચની હાજરીમાં આરોપી જેન્તીભાઈ ખોડાભાઈની અંગ જડતી કરી આ ગુન્હામાં વાપરેલ લાકડી(બડીયો) અને એક લાકડી કબ્જે કરેલ નથી કે તેવું કોઈ પંચનામું પણ કરેલ નથી. એ વાત ખરી નથી કે પંચોના લખાવ્યા મુજબનું પંચનામું કરેલ નથી પરંતુ તેમની રીતે પંચનામું લખી તૈયાર કરેલ આંક–૧૮ વાળા પંચનામામાં પાછળથી પંચોની સહી લીધેલ છે. એ વાત ખરી નથી કે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે અને તેના સમર્થનમાં ખોટી જુબાની આપું છું. " આમ આ સાહેદે ધોરણસરની તપાસની કામગીરી કરેલ હોય અને આરોપી સામે અદાલતમાં ચાર્જશીટ રજુ રાખેલ છે.

**(૨૦)** આમ, ઉપર મુજબની સમગ્ર ચર્ચાને ધ્યાને લેતા આંક–૦૩ થી આરોપી વિરુધ્ધ તહોમત ફરમાવવામાં તા.૧૧/૯/૧૬ ના કલાક–૧૨–૦૦ થી કલમ–૧૩–૦૦ વાગ્યાના અરસામાં ફરીયાદી પોતાના ઘરની ઓશરીમા બેઠા હતા ત્યારે આરોપી ત્યાં આવેલા ત્યારે તેમની પાસે બાકી પૈસાની ફરીયાદી એ ઉઘરાણી કરતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ પાવડા અને લાકડી વડે ફરીયાદી–સાહેદને ઈજા પહોંચાડી ભુંડી ગાળો કાઢી, પાવડો, લાકડી જેવું મારક હથિયાર ધારણ કરી, જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરીને,ભારતીય દંડ સંહિતા કલમ–૩૨૩,૩૨૪,૫૦૪,૪૫૨, તથા જી.પી.એ.૧૩૫ મુજબનો ગુનો કર્યાના તહોમતનામાના આક્ષેપો જોતા રેકર્ડ પર રજુ થયેલા સમગ્ર પુરાવાની ચર્ચા અને કેસના સંજોગોને ધ્યાને લઈ આરોપી સામેના આક્ષેપો નિઃશંકપણે સાબિત થતા ન હોય, આરોપીને ગુના સાથે સાંકળી શકાય કે કસુરવાર ઠરાવી

શકાય તેમ નથી. આ સંજોગોમાં ઉપર મુજબની સમગ્ર ચર્ચાના અંતે ઉપરોકત મુદાઓની હકિકતો નિઃશંકપણે સાબિત થતી ન હોય, મુદા નં. ૦૧ ના જવાબ સ્પષ્ટ નકારમાં ઠરાવી, મુદા નંબર–૦૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

(**૧**) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૩૫(૧) મુજબ આરોપી **જેન્તીભાઈ ખોડાભાઈ ચૌહાણ,**રહે.ધોકડવા,તા.ઉના, જીલ્લો–ગિરસોમનાથ વાળાને ભારતીય દંડ સંહિતા કલમ–૩૨૩,૩૨૪,૪૫૨,૫૦૪ તથા જી.પી.એ.૧૩૫ મુજબના સજા અને દંડનેપાત્ર ગુન્હામાંથી આપી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(**૨**) આ કામના આરોપીએ ટ્રાયલ દરમ્યાન જામીન પર મુકત હોય તેઓના બેલ–બોન્ડ કેન્સલ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(**૩**) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ)ની જોગવાઈઓ અને શરતો મુજબ આરોપીએ રુપિયા ૫,૦૦૦/–(અંકે રુપિયા પાંચહજાર પુરા)ના જાત મુચરકા તથા તેટલી જ રકમના જામીન હુકમ તારીખથી ૬ મહીનાના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ–૦ મીઃ માહે–એપ્રિલ : સને–૨૦૧૯નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦ /૦૪/૨૦૧૯.
સ્થળ : ઉના.

**(સંજયકુમાર લવજીભાઈ ઠકકર)**
ચોથા એડીશનલ સેશન્સજજ,ઉના.
જીલ્લા–ગીરસોમનાથ.
(કોડ નંબર–જીજે–૦૦૫૮૮)